कामसेन अने रसीका

ડ્રામાંના ગાયનો.

રચનાર,

ર રતનસી સોમાણી.

દુહો.

કામસેન રસીક તણાં, વાંચો સૌજન ગીત;
વ્યગ્ર ચીત શાંતજ થશે, વધે કુટુંબમાં પ્રીત.

મુંબઇ;

સ્વદેશપ્રકાશ છાપખાનામાં છાપ્યું.

સંવત ૧૯૪૩.

આ ચોપડીઓ નિચે લખેલે ઠેકાણેથી મળશે.

સંગિત નાટક સંગ્રહ ... ...

મૃચ્છકટીક નાટક સાર ... ...

ગોપીચંદ નાટક ... ...

કામસેન રસિકા નાટક ... .

સીતાહરણ નાટક ... ...

વિરસિંહ ચંદ્રિકા નાટક ... ...

મારૂઢોલા નાટક ... ...

શીરીન ફરહાદનો ઓપેરા... ... ..

ઇશરતે અફઝલ યાને ફરેબે સૈતાન ..

નારાયણરાવ પેશવાનો ગાયન રૂપી ખેલ.

સિતા સ્વયંવર નાટક ... .

સદેવંત સાવલીંગાનો ઊર્દુ ઓપેરા ...

કામસેન રસિકા નાટકના ગાયનો... ... ... ૦

વિરસિંહ ચંદ્રિકાના ગાયનો ૦ ૧ ૦

ઓખાહરણનો ગાયનરૂપી ઓપેરા ૦ ૧ ૦

રૂકમીણીહરણનો ઓપેરા ૦ ૧ ૦

વીરમતી નાટકનાં ગાયનો... ... ... ૦ ૧ ૦

મદાલસાનો ઓપેરા ૦ ૧

કરણઘેલા નાટકના ગાયનો... ... ... ૦ ૧

ઠે૦ **માંડવી**—નાથોરી ચાંપશી ખેમરાજ વોરાબજાર.

ગોચર મેઘજી બુકસેલર.

कामसेन अने रसीका नाटकमां गवातां गायनों.

ઇશ્વર સ્તુતિ. (સર્વ મળીને.)

રાગ.

છે જન પાળક ટાળક દુઃખનો—એ વાર.
કુલ પૃથ્વિમાં તું એકલો.
જ્યાં જોઇએ ત્યાં તારૂં નામ,
નહીં કોઇ તુજવણ ખાલી ઠામ.
સર્વેને આપે આરામ,
ગુપ્ત રહી તું એકલો—છે જન પાળક. ૧.
વીસરી તુજને જે પાપ કરે—એ વાર.
નહિ બીક ધરે તુંજ સાર,
જન જેવું કૃત કરશે જેહ,
અંતે ફળ મેળવશે તેહ,
એવો તારો નિયમ છે,
તુજ વર્ણન કરીએ કેટલો—છે જન પાળક. ૨.

ઓ દયાળુ તું છે માયાળુ—એ વાર.
ભક્તાધીન કૃપાળુ,
અંતરજામી અવીચળ નામી,
તુજ રચનામાં નહી કંઈ ખામી,
દીસે છે સહુને બહુ નામી,
તો પણ તું છે એકલા—છે જન પાલક. ૩.

कामसेन रसीकाविषे पोतानी प्रीति वर्णवतो आवे छे.

ગજલ.

દાહ ઉઠી છે દુખની દીલમાં, શી રીતે ઠંડી થશે.
આશ લાગી છે જેમાં મુજ શી રીતે પુરી થશે—ટેક.
નજરે દીઠી મેં જે નારી, પરણે ના જો સાથ મારી;
તો તો જીંદગી આ અકારી, કયમ કરી પુરી થશે;
મેં તરવાર કેશરીને મારી, તેવી લાગી એ કટારી;
કમળાક્ષીનાં નયણકારી, નો ઘા શી રીતે રૂઝશે.

रमीकानी सखीओ बागमां प्रवेश करतां गाय छे.

પદ.

રાજબાગમાં જઈએ ચાલોરે, બેની રાજબાગમાં જઈએ;
સુંદર મનહર, પુષ્પ ખીલ્યાં છે, સુગંધી તેની લઈએ—ચાલોરે.

रसीका कामसेननुं चित्र जोतां गाय छे.

ગજલ.

રસીલી તારી સુરત દેખી, ઘાયલ મનડું થયું છે મારૂં;
રાખ થઇ ગયું બળી બળી તન, ધ્યાન ધરતાં સદાય તારૂં—ટેક.
મળ્યા બાગમાં તમેજ જે દી, કામ પાશથી કીધીજ કેદી;
ગયો ખુશીમાં એક તે દી, પછીથી મનડું બળે છે મારૂં—રસીલી.
જાઇ જુઇ ચંપાને ચંબેલી, આમ્ર વૃક્ષપર ચડી છે વેલી;
જોઇ જોઇ હું બનતી ઘેલી, હવે તે લાગે મને અકારૂં—રસીલી.
તેથી દયા ધરી તું મારી, બચાવ જો હઉ તુજને પ્યારી;
કામ પાશથી લે તું ઉગારી, પ્રફુલીત કરને તું મન મારૂં—રસીલી.

कामसेन न आव्यो तेथी अधीर थईने रसीका.

દુહા.

મારી કટારી કયાં ગયો, રે મમ જીવન હાર;
દુર્લભ દર્શણ ક્યમ નથી, દેતો તું દીલદાર,
જ્યમ જ્યમ દર્શણ તાહેરૂં, મમ અંતરમાં થાય,
ત્યમ ત્યમ જ્વાળા કામની, ઉઠે મુજ મનમાંય,

सखीजो रसीकाने सावध करतां.

મોહલે પધારો મહારાજ—(એ રાગ.)

મારી વાહાલી તું થાને શાન્ત, શાણી તું શીદ અકળાએ,
વેગે મળશે હવે તારો કાન્ત, શાણી તું શીદ અકળાએ.

સાખી.

ના કર ચિંતા અતી મને, પ્રીય સહી ચતુંરસુજાણ,
ચિંતાથી દુઃખ અતી વધે, કરે દેહવિષે બહુ હાણ—શાખી.

સાખી.

તૈયારી સઘળી કરી, સ્વયંવરને કાજ;
શોધી લેજે તે સમે, મન ગમતોરે મહારાજ.

कामसेन बागमां प्रवेशकरतां रसीकाने जोईने.

રાગ બેહાગ.

મૃગલોચની ગજગામીની આ કામીની સુંદર
જોતાં તને મુજ મન રીઝે આ બાગની અંદર;
ચંદ્રવદની કામ કદળી, અધર પરવાલા માન,
રસીક રસીકા માહેરી ક્યારે કરાવીશ પાન.

ગજલ.

રસીકા—આશ તારી પ્રીતમ મુજને મળવા લાગી રહી—આશ.
દોડો જલદી કોઇ જાઓ કામને લાવો અહીં—આશ.
પ્રેમને વશ થઇ હું ત્યારે, જ્યારે છબી નીરખી તહીં—આશ.
ચંદ્રવિના જેમ ચકોર દુખી, તેમ તુજવીણ હું થઇ—આશ.
માટે પ્યારા આવી જલદી, દરશણુ દે દયાળુ થઇ—આશ.

कामसेन रसीकासाथे ईश्वर प्रार्थना करे छे.

પદ.

કરૂણા નીધાન ઇશ કાર્ય શીઘ કારી,
અખીલ ભવ તણા છો આપ ખરે તાપ હારી—કરૂણા.
શી રીતે ગુણ વરણું તારા મતી અલ્પ મારી,
સહસ્ત્ર જીવ્હે વરણે શેશ તે પણ જાય હારી—કરૂણા.

આહા ખીલીછ શી ચંદા—(એ રાગ)

દયાળુ દેવ કૃપાળુ તું નમુ છું હસ્ત જોડી હું.
લીલા તારી તણો તો સાર શેષ ગણતાં ન પામે પાર.
સઉપર છો કૃપાળુ તું નમું છું હસ્ત જોડી હું.

क्रूरसेननां लश्करमां लंगडो सीपाइ गाय छे.

આઇ વેરી ગુડ બેંગાલી બાબુ—(એ રાગ)

લટકે મટકે જાવું લડવા, લડવાની છે મન બહુ હામ;
મારી કાપી શત્રુ કેરી, શેના ઠાર કરૂં હું તમામ. ૧
હાથ હુંઠે ઠીક ઠોઠ મરાશે; પંગ પંગુથી પળાશે આમ;
ખનન ખનન ખડગ ચલાવી; બોલાવી દઉ સહુના રામ. ૨
કચ, કચ, કચ, કચ, ઘોડો હાંકી, ખડ ખડ હું દોડવું આમ;
ભડ, ભડ, ભડ, ભડ, ગોલી બંદુકથી, ફાડી કાઢું શત્રુમાં નામ, ૩
લડાઇમાં શુર સૌથી બહાદુર, બહાદુરી જાણે સઘળું ગામ;
તીશ માંખ મારી મેં એકે તીશમારખા મારૂં નામ—લટકે. ૪

कामसेन तथा रसिका तथा तोफान थती वखते मेहेलमां आवे छे.

त्रोटकछंद.

વરશે ગરજે ચડિને ઉતરે, ઘન તે અતિશે અંધકાર;
જેમ ન્યુતન સંપતીવાન કરે, તેમ રૂપ અનોંપમ મેઘ ધરે,

माधवसेन गातो गातो जंगलमां आवे छे.

ગજલ.

પીયાકે ચીત્રબીન—(એ રાગ.)

દુખ હરતા થઇ દુખ કેમ આપે, દયા શું મુજપર નાવેર.
બંધુ તણી શોધ કરી કરી થાકયો ક્યાંય ન નજરે આવેરે.
તેથી દયા કરી તું પ્રભુ મેળવ કેમ દુખીને ઝેરાવેરે—દુખ હરતા.

कामसेन हारी जवाथी गातो आवे छे.

ગજલ.

ચંદ્રમુખીને એકલી છોડીને હું આવ્યો આહીં,
પ્રીતિની જાળ તોડીને જીવ કર્યો મેં પ્રિય સહી—ટેક.
ધીક્ હવે છે જીવવું, ધીકાર ફરવામાં અહીં,
પ્રાણથી પ્રિય પત્ની જે છોડીને હું આવ્યો તહી–ચંદ્રમુખી.
મારી અવસ્થા શી થઇ, છોડી જતાં તુને પ્રિયા,
નીરજીવ થઇ ફરૂં હવે, તેથી ભલું મરવું અહીં–ચંદ્રમુખી.

रसिका क्रूरसेनना मेहेलमां केद पडेली.

ઓધવજી સંદેશો કેજો શામને.—(એ રાગ.)

બેઠી છઉં પ્રભુ કોનારે હું અવશમાં,
પતી વીખુટી છતાં હજી જીવતીજ જો;
કપટ કરી એ દુષ્ટે નાંખી પાશમાં,
હતી હમેશાં હું સુખમાં રમતીજ જો—બેઠી.
પ્રાણપતીરે મુજને છોડી ક્યાં ગયા,
દયા ન આવી કરતાં મને નીરાશ જો;
તો પણ દયા કરી વેગે આવો અહીં,
નહી તો થશે મારા તનનો નાશ જો—બેઠી.

લલિત.

અરર માહેરૂં શું હવે થશે, દીન વિયોગમાં શી રીતે જશે;
પ્રીય હું આપને પ્રાણથી હતી, હરખતી સદા કંઠ લાગતી.
સમ છતાં પતી કાં તજી ગયા, અરર મારી શું આવી ન દયા;
ઓ પ્રભુ હવે દેની હાથરે, મેળવ તું હીયા ત્વરીત નાથને.
નીકર પ્રાણ હું આપીને મરૂં, પતિ વીના જીવી શું હવે કરૂં.

कामसेन चोरनी झुंपडीमां केदी छे त्यां गाय छे.

ગજલ.

વીધીનાં કામ છે કેવાં, દીએ દુઃખ ઘાતકી થઇને—ટેક.
હતો સુખ ચેનમાં ફરતો, હરાવ્યો તેજ મુજને ત્યાં;

કરાવી હાર મારી ત્યાં, સહાય થઇ શત્રુને જઇને—વીધી.
હતો હું જે હજારોપર, હમેશાં હુકુમને કરતા;
તેજ હું રંક આધારે, રહ્યો છું દીન રે થઇને—વીધી.

बावरा भूत आगळ बधां भूतो गाय छे.

ભુત.—લુલા ભૂતની ભવાઇ, લુલા ભૂતની ભવાઇ;
જોઇ જોઇ હશો સૌ થાશેરે નવાઇ—લુલા.
ઓલી આવે છે આંહી,—એવાર.
આવરે ઓ વહુ મારી ભૂતડીરે બાઇ—લુલા.

ભુતડી.—પીટયા ખાવાનું લાવ—એ વાર.
નહી તો જાઇશ તારાં કલેજાં ખાઇ—લુલા.

ભુત.—ખાવા આપે તારી આઇ—એ વાર.
અમે તો છઇએ ફક્કડ ભાઇ—લુલા.

बावरा भूतने जगाडती वखते गाय छे.

મેહેર કર મારી ઉપર બાબરા,
જગાડું છું હું તેની કરજે ક્ષમા—મેહેર.
જુવો જુવો આ કુંવર તરફ,
કૃપા કરી તું પુરજે ઇચ્છા,
તા-રી-મ-ર જી-પુ-રી-થ-શે-તે-ની-ઇચ્છા-મેહેર.

रसीका क्रूरसेनना मेहेलमां.

સુધી આણી ફળ જાણી—(એ રાગ.)

દયા આણી દીન જાણી, તમે આવી મળોરે;
પ્રિયા દુ:ખી તેની, સહાય કરો—દયા આણી.
કષ્ટ સહ્યું છે અતીશય મેં,
તેથી વેલા આવી. જલદી મારી વારે ચડોરે —પ્રીયા દુ:ખી.

रसीका कटारथी स्वहस्त मरती वखते गाय छे.

સખી આવીયો કારતક માસ—(એ રાગ.)

પ્રભુ કેમ કરૂં ક્યાં જાઊં નથી કાંઇ સુઝતું
મારૂં હૃદય બળી થાય રાખ, સદા જે સુખી હતું
દુષ્ટ ક્રૂર લઇ આવી ત્યાંય નાંખી દુ:ખ પાશમાં
રેહેતી પતી સંગ ત્યાંય, સદા સુખ વાસમાં
તેથી નાથ વીયોગે ઘાત, કરૂં છું હાથથી
તેની કરીને પ્રભુ તું ક્ષમાય મેળવજે નાથથી

रसीका जंगलमां पुरुषने वेषे गाय छे.

ગજલ.

રસીકા—પ્રભુ પત્નીને કાન્તથી, છુટી કરતો નહી;
વૈરીને પણ વીખુટાં, વાલાથી કરતો નહી—પ્રભુ.

સંકટ સહ્યું અતીશય મેં, અનહદે અપાર;
તેથી તું મેળવ નાથથી, વેગે પ્રભુ અહીં—પ્રભુ.

શાર્દૂલવિક્રીડિત છંદ.

મેં મારા પતીથી અરે છુટી પડી વીયોગ વેઠ્યો અતી,
આ ઘાટા તરૂમય ઘોર વનમાં દુઃખો માહા પામતી;
પામીને બહુ સંકટો હું કરૂં અત્યંત ત્રાસે ભરી,
તેથી તું પ્રભુ તાર કષ્ટથી મુને જાચું છું એવું હરી.

પદ કાફી.

પ્રભુ મને માર્ગ બતાવ, દારૂણ વનમાં રખડી મરૂં હું—પ્રભુ મને.
જંગલ જંગલ રખડી હું થાકી, ક્યાં ન દીસૂતો પારરે—દારૂણ.

દુહા.

પડો અગ્ની તે રૂપમાં, જેથી ઉપજે દુઃખ;
રૂપે અતિ સકંટ સહી, થઈ પ્રિય પતી વિમુખ. ૧
જેને પતી અતિપ્રેમથી, ચાતો હ્રદયા માંહ;
રઝળે વગડામહી, ઠરી ન બેસે છાંય, ૨
લેપન ચંદન તનપરે, કરતી ભુવન માંહ;
તે ઊનાં આ આંસુથી, ફરીફરી ભીજું ત્યાંય. ૩
કિરણો મસ્તક નાંખવાં, ઇંદુ નહી પામેલ;
તે મસ્તક તિક્ષણ સહે, રવિ કિરણની રેલ. ૪

જે પગ ખુલ્લો ભુપરે, ક્ષણ મે નહિ ધરેલ;
તેમાં કંકર કટકે, ચાલી રક્તની રેલ.

શાર્દૂલવિક્રિડિત છંદ.

છે તે રૂપ ખરાબ આ જગતમાં જે શીલનું રાખે નહી,
છે તે ધન્ય કુરૂપ નારી જનનું જે શીલ ચુકે નહી;
છે તે ધીક સદાય નારી જનને જે શીલ ત્યાગી ફરે,
તે પાષાણની પુતળી સમજવી ના ધર્મને આચરે.

कामसेन जंगलमां गातो गातो आवे छे.

કહું ક્યા ફલકકા સતાયા હુ એ—(એ રાહ.)

કહું શું નશીબે દુખીઓ કીધો છે;
જોખ પ્રિયાને વિયોગે લીધો છે—કહું શું.
હતી જે પ્રીયા પ્રાણથી પ્રિય મારી;
હરી દુષ્ટ ક્રૂરે દગો તો દીધો છે—કહું શું.
દયાળુ પ્રભુ પ્યારી મારીથી ક્યારે;
મેળવશે ફક્ત આશરો તાહેરો છે-કહું શું.

मालती राक्षसनी गुफामां गाय छे.

ભેરવી ગજલ.

દેખીને બંધનમાં મુજને થતો નથી કેમ સહાય—એ વાર.
ફેવી ઉમેદ હતી મળવાને બેનને,
મળી ન બેન મુજને હું અધવચ ફરી છુ ત્યાંય—દેખી.

સહન કરૂં દુખ મળવાને માધવ,
પ્રીતમ દરશણુ ઇચ્છાયે હું કરતી નથી હત્યાય—દેખી.
હવે તું સત્વર મળશે ન મુજને.
નીશ્ચે તે દુષ્ટીને હાથે મહોત મારૂં થાય—દેખી.

દીંડી.

પ્રભુ દે તું મુક્તિ મને નીવારી, ક્રૂર કષ્ટો સહી હું હવે હારી;
નાથ આવ્યા હજી ન વારે મારી, તેવી લાગે આ જીંદગી અકારી.

શીખરીણી.

અસહ દુખ પ્રીતિ અબળા જાતે ક્યમ સહું,
ન જાણે બીજું કો હું દુખથી બળી મરૂં;
અતી વેગે કરી તું માધવ મોકલ પ્રભુ અહીં,
નહી તો જાશે પ્રાણ ખચીતજ મમસહી.

शल्याशूर मालतीने समजावे छे.

યાર તુમારે દેરે આનેકા—(એ રાગ)

કેમ પ્રીયે હવે શું તું કહે છે, મરજી તારી જણાવ તું;
પ્યારી પ્યારી હું કહુંછું, સ્વામી તો મુજને કેહે તું—કેમ.
જલદી જવાબ આપ પ્યારી, નહીં તો તુજને નાખીશ મારી;
ક્ષણું મકું ન વીસારી, સાચું તુજને કહું હું પ્યારી—કેમ.

रसीकाने क्रूरसेननी दरबारमां पकडी लावे छे ते वखते.

શાલર્દૂવિક્રિડિત છંદ.

લોકો નીર્ધનને ન બંધુ જનકો સાહ્યોથી સંતોષતાં,
તેના જે પ્રિય મીત્ર તે ફરી જતા આપત્તિને આપતાં;
તેનું સત્વ વિનાશ શીલ વિધવત કાન્તી ક્ષય પામતાં,
બીજા કો જન પાપ કર્મ કરીને તેને શીરે નાંખતા.

રાગ જોગીઓ આશાવરી.

કામસેન.—પડું છું વીખોટા પ્રીયા સંગેગથી તારા;
રસીકા.—ના કર ચીંતા મન હું, ભેગી મરીશ પ્યારા.
કામસેન.—પાપ પેલે જનમ મેં કર્યા હશે કંઇ ક્યાંય,
ભોગવવાં પ્રજ્યાં તને વીગેગમાં મારા—પડું છું
રસીકા.—પ્રેમને વશ થઇ હું નીશદીન રેતીતી સુખ ચેનમાં;
છુટી પડાવી દુષ્ટીએ તુજ સંગથી પ્યારા—ના કર.
કામસેન.—લખ્યું હશે ભવિષ્યમાં ટળવાનું નહી તેહ;
બન્યું હોય જે કંઈ કેજે ભ્રાતને મારા—પડું છું.
રસીકા.—જીવિને હું શું કરૂં મરીશ તારી સાથ;
મેળવશે ભવોભવ પ્રભુ તુજથી પ્યારા—ના કર.

रसीकाथी छूटा पडती वखत.

ગજલ.

કામસેન.—મરૂં છું વેરી હાથથી, તજીને તુજને આમ;
પ્રણામ છે પ્રીયા તને, છેવટે પ્રણામ-મરૂં છું.

પ્રણામ કે જે માતને, મુજ ભ્રાતને પ્રણામ,
પ્રણામ મારો તખ્ત, ક્ષત્રી જાતને પ્રણામ—મરૂં છું.
પ્રણામ કે જે મીત્રને, મુજ દેશને પ્રણામ;
પ્રણામ વહાલાં શેહેરને, મુજ વેશને પ્રણામ—મરૂં છુ.

ઢેડ ઢેડીને કહે છે.

વહાલી હીરકી ગયો તો ક્યાંયે, એકલડી અહી બીહી મરૂં;
ઘડી નહી દેખું તુજને તો, એક પલમાં કલ્પાંત કરૂં—વહાલી.
વહાલી મારી ગુલાબ પ્યારી આવું છું હું હમણાં રે;
રાજાને ત્યાં ગયો તો આલી હુકમ થયો એક મુજપરે—વહાલી.
એ ચારને લટકાવીને આવું છું હું હમણાંજ ત્યાંય;
તેટલામાં તમે રાંધણ રાંધવા જલદી જલદી માંડો ત્યાંય—વહાલી.
છાનીમાની બેશી રેહજે, રૂપીયા લાવીશ બે હજાર;
રાંધીને તુ ઢાંકી મુકજે આવું છઉં હું હમણા જાણ—વહાલી.

कामसेन फासीनी जगाये आवी गाय छे.

હમકુ છાંડ ચલે બન માધુ.—(એ રાગ.)

દયાસીંધુ તું થઇ તે દયાળું, દોશથી કરજે મુક્ત મને રે;
પાપ કર્યા હોય જાણે અજાણે, ચુક કદી તુજ નીયમને રે;
મુજ જડ મનથી થયું હોય કંઇ, કરજે ક્ષમા તે આ જીનને રે.

ગજલ.

શી દશા મારી થઇ મરવું પડે હસ્ત નીચને,
ન કરીએ સ્પર્શ જેહનો ઉતારશે તે શીષને—શી દશા.
રસીક રસીકા માહેરી, શી દશા તારી થશે,
રમતી સદા નેત્રમાં તો પણ તજી જાવું અરે—શી દશા.

कामसेन फांसी चढती वखते करेली ईश्वरनी प्रार्थना.

ગજલ.

ઓ ઇશ્વર મેં શા અપરાધ કર્યા હશે તાહરા,
કે નિર્દય થઇ દુઃખ આપે, વરશાવે દુઃખ ધારા;
મુકાવ્યું રાજ દૂર હવે છોડાવ્યો પત્નિથી,
બંધાવ્યા શત્રુ હાથથી કહું છું શું દુઃખ માહરા,
તો પણ દયા કરી કરજે ક્ષમા તું પાપ માહરા,
ઓ ત્રાતા હવે કોને જવું શરણે વીના તાહરા—એ ઇશ્વર.

रसीका कामसेनने मळती वखते.

ગીતી.

પ્રાણ પ્રાણપતિ મારા, ઉડી ગયા જે હતાજ આ તનથી;
તે પ્રભુનીજ કૃપાથી, થયા ફરી પ્રાપ્ત જાણું છું હું મનથી,

છેલ્લે સર્વે મળી કરેલી પ્રાર્થના.

પદ.

પુર્ણ થયો છે ખેલ, સજ્જનો–પુર્ણ થયો છે ખેલ.
ક્રૂરસેનને જો અકાર્ય કર્યું તો,
અંતે કેદ થએલ—સજ્જનો.
સતી રસીકા નીતીએ રહી તો,
પામી સુખની રેલ—સજ્જનો.
"કરણી પાર ઉતરણી" થઇ છે,
થઇ ધરમની પહેલ–સજ્જનો.
આપ પધારી કર્યા ઉપકારી,
થઇ આનંદની રેલ—સજ્જનો.

સમાપ્ત.